**<u>વાદી તરફેની આંક–૦૫ ની કામચલાઉ મનાઈઅરજી તેમજ પ્રતિવાદી નં.૧ તરફેની આંક–૨૩ ની કામ ચલાઉ મનાઈ અરજી લગત સંયુકત હુકમ</u>**

(૧) વાદી તરફે આંક–૦૫ ની અરજી રજુ કરી જણાવેલ છે કે, મોજે ઠાસરામાં ટાવર બજારમાં ટાવર નીચે આવેલ સી.સ.નં.૧ મિલક્ત નં.૨૬૪૮ વાળી દુકાન આવેલી છે. જેમાં વાદી તથા પ્રતિવાદી નં.૨ ના ગુજરનાર પિતા ગોહરઅલી અબ્બાસમીયાં ભાગીદારીમાં ૧૯૯૩ થી સુહાના સેન્ટરના નામથી કટલરી વેચવાનો ધંધો કરતા હતા. પ્રતિવાદી નં.૨ ના પિતા ગુજરી ગયેલા છે અને હાલમાં સદરહું ભાગીદારી પેઢીમાં વાદી તથા પ્રતિવાદી નં.૨ ભાગીદારો છે સદરહું ભાગીદારી પેઢી ઇન્ડીયન પાર્ટનર શીપ એકટ હેઠળ રજીસ્ટર થયેલ ભાગીદારી પેઢી છે. જે ૧૯૯૩ માં રજીસ્ટર ઓફ ફર્મસમાં રજીસ્ટર્ડ થયેલી છે અને સદરહું ભાગીદારી પેઢીનો દસ્તાવેજ તા.૦૫/૦૪/૧૯૯૩ ના રોજ કરવામાં આવેલો છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, દાવા અરજીના પેરા નં.૧ માં વર્ણવેલ દુકાનમાં વાદી તથા પ્રતિવાદી નં.૨ ભાગીદારીમાં ધંધો કરે છે અને હાલમાં પણ વાદી સદરહું દુકાનમાં ધંધો કરે છે. સદરહું દુકાનનો તમામ વહીવટ વાદી કરે છે. કાયદા મુજબ વાદી પણ દુકાનના ભાડુઆત છે. પ્રતિવાદી નં.૨ હાલમાં પ્રતિવાદી નં.૧ સાથે મળી ગયેલા છે અને પ્રતિવાદી નં.૧ સાથે મળી જઈ વાદીનો કાયદેસરનો હકક ડુબાડવાના બદ આશયથી દાવાવાળી દુકાનનો કબજો પ્રતિવાદી નં.૧ નગરપાલીકાને સોંપી દેવા પ્રયત્ન કરી રહેલા છે. આમ, પ્રતિવાદીઓ અંદરો અંદર એકબીજાના મેળાપીપણામાં દાવાવાળી દુકાનનો કબજો તેમની પાસેથી પડાવી લેવાના પ્રયત્ન કરી રહેલા છે અને તેવા બદ આશયથી પ્રતિવાદી નં.૧ નાએ તા.૨૭/૦૯/૨૦૧૮ ના રોજ દુકાન ઉપર જાહેરનામુ પ્રસિધ્ધ કરી દાવાવાળી દુકાનનો કબજો ખાલી કરવા માટે જણાવેલુ છે. પરંતુ પ્રતિવાદીઓને કાયદાની પ્રક્રિયા કર્યા સિવાય દાવાવાળી દુકાનનો કબજો વાદી પાસેથી લેવાનો કોઈ હકક અધિકાર નથી. વાદીને દાવાવાળી દુકાનના ભાડુઆત હકકો કાયદા પ્રમાણે પ્રાપ્ત

થયેલા છે અને ભાગીદાર તરીકે દાવાવાળી દુકાનમાં ધંધો કરતા આવેલા હોઇ દાવાવાળી દુકાનનો કબજો તેમનો કાયદેસરનો આવેલો હોવા છતાં દાવાવાળી દુકાનનો કબજો ગુજરનાર ગોહરઅલી પોસેથી મેળવી લેવાનું તરકટ કરી ઉપર જણાવ્યા મુજબનું જાહેરનામું પ્રતિવાદી નં.૨ સાથે મળી જઈને પ્રસિધ્ધ કરાવેલું છે અને પ્રતિવાદીઓનો ઈરાદો વાદી પાસેથી દાવાવાળી દુકાનનો કબજો ગેરકાયદેસર રીતે મેળવવાનો છે અને તેવા બાદ આશયથી ઉપરોકત જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલું છે. અગાઉ પણ પ્રતિવાદી નં.૨ એ દાવાવાળી દુકાનનો કબજો મેળવવા કાર્યવાહી કરેલી પરંતુ તેમાં તેઓ સફળ થયેલા નહી અને તેથી હવે કેટલાક રાજકીય ઈસમોના દબાણને વશ થઈ પ્રતિવાદી નં.૨ , પ્રતિવાદી નં.૧ સાથે મળી જઈ દાવાવાળી દુકાનને ગેરકાયદેસર રીતે કબજો કરી લેવા માટે ષડયંત્ર રચેલ છે અને તેમાં ષડયંત્રના ભાગરૂપે જાહેરનામું પ્રસિધ્ધ કરાવેલ છે. પ્રતિવાદીઓ અંદરો અંદર મળી ગયેલા હોઇ દાવાવાળી દુકાનનો કબજો પ્રતિવાદી નં.૧ તેમની સત્તાનો દુરઉપયોગ કરી દાવાવાળી દુકાનનો કબજો પડાવી લે તેવી પુરી શકયતા છે અને જો તેમ કરવામાં પ્રતિવાદીઓ સફળ થાય તો વાદીને પૈસાથી બદલો ન વળે તેવુ ગંભીર નુકશાન થાય તેમ છે અને તેમનો કાયદેસરનો હકક નષ્ટ થાય તેમ છે અને દાવામાં સફળ થઈએ તો પણ તે નિર્થક થઈ જાય તેમ છે અને તેથી તેમને ન છુટકે હાલનો દાવો કરવાની જરૂર પડેલ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, વાદીએ નંબર મજુકરનો દાવો આજરોજ કાયમી મનાઇ હુકમ મેળવવા માટે કરેલો છે. પરંતુ તેનો આખરી નિકાલ થતાં ઘણો સમય લાગે તેમ છે અને દાવાનો આખરી નિકાલ થતાં પહેલા પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતનો કબજો લઈ લેવામાં સફળ થાય તો વાદીને પૈસાથી બદલો ન વળે તેવુ પારાવાર નુકશાન થાય તેમ છે અને તેમનો કાયદેસરનો હકક નષ્ટ થાય તેમ છે તેમજ દાવામાં સફળ થાય તો પણ તે નિરર્થક થઈ જાય તેમ છે અને મલ્ટીપ્લીસટી ઓફ પ્રોસીડીંગ્સ થાય તેમ છે અને તેથી દાવાનો આખરી નિકાલ થતાં સુધી નીચે માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે અરજ કરેલ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને કંઇ જ નુકશાન થાય તેમ નથી. જયારે કામચલાઉ મનાઇ હુકમ આપવામાં ન આવે તો વાદીને ઉપર જણાવ્યા મુજબ ગંભીર નુકશાન થાય તેમ છે અને પ્રથમ દ્રષ્ટીએ કેસ તથા સગવડ અગવડનું ધોરણ વાદીની તરફેણમાં છે. મનાઇ હુકમ સિવાય પ્રતિવાદીઓને ગેરકાયદેસર રીતે કબજો લેતા રોકવા માટે બીજો કોઇ વિકલ્પ વાદી પાસે નથી.

વધુમાં તેઓની અરજ છે કે, (અ) દાવાનો આખરી નિકાલ થતાં સુધી પ્રતિવાદી નં.૧ જાતે અગર તેમના એજન્ટો, નોકરો કે માણસો મારફતે દાવાવાળી મિલકતનો કબજો કાયદાની પ્રક્રીઇયા કર્યા સિવાય બળજબરાઇ થી અને ગેરકાયદેસર રીતે લે લેવડાવે નહીં તેવો કામ ચલાઉ મનાઇ હુકમ પ્રતિવાદી નં.૧ સામે ફરમાવવા અરજ કરેલ છે. (બ) પ્રતિવાદી નં.૨ પ્રતિવાદિ નં.૧ સાથે મળી જઈને દાવાવાળી મિલકતનો કબજો પ્રતિવાદી નં.૧ ને સોંપે નહીં તેવો કામચલાઉ મનાઇ હુકમ પ્રતિવાદી નં.૨ સામે ફરમાવવા અરજ કરેલ છે.

(૨) **વાદી તરફે દસ્તાવેજી પુરાવા–**

| અ.નં | વિગત | નિશાની |
|---|---|---|
| ૧ | સીટી સર્વે કચેરી ઠાસરાની પોપર્ટી કાર્ડની ખરી નકલ | ૩/૧ |
| ૨ | ઠાસરા નગર પાલીકા ૨૦૧૭–૧૮ ના વર્ષની આકારણી પત્રકની ખરી નકલ | ૩/૨ |
| ૩ | રજીસ્ટર ઓફ ફર્મસમાં નોંધણીના દાખલાની ઝેરોક્ષ નકલ | ૩/૩ |
| ૪ | સોહાના સેન્ટરના ભાગીદારી પેઢીના દસ્તાવેજની ઝેરોક્ષ નકલ | ૩/૪ |
| ૫ | ઠાસરા નગરપાલીકામાં વાદીએ આપેલ અરજીની ઝેરોક્ષ નકલ | ૩/૫ |
| ૬ | બુક નં.૫૨ ની ભાડ પહોંચની ઝેરોક્ષ નકલ | ૩/૬ |
| ૭ | તા.૨૬/૦૮/૨૦૦૩ ના રોજ ગ્રામ પંચાયત, ઠાસરાનાએ આપેલ નોટીસની ઝેરોક્ષ | ૩/૭ |
| ૮ | પ્રતિવાદીએ તા.૨૬/૦૮/૨૦૦૩ ના રોજ આપેલ નોટીસનો જવાબની ઝેરોક્ષ નકલ | ૩/૮ |

| | | |
|---|---|---|
| ૯ | દાવાવાળી મિલકતમાં આવેલ વીજમીટરના વપરાશનું બીલ અસલ | ૩/૯ |
| ૧૦ | મે–૨૦૧૮ નું વીજ વપરાશ બીલ રૂ.૭૯૦/– ભરપાઇ કર્યા અંગેની પાવતીની નકલ | ૩/૧૦ |
| ૧૧ | ઠાસરા નગર પાલિકાએ પ્રસિધ્ધ કરેલ જાહેરનામાની ઝેરોક્ષ નકલ | ૩/૧૧ |
| ૧૨ | ઓળખ પત્રક ચૂંટણી કાર્ડની નકલ | ૩/૧૨ |

(૩) પ્રતિવાદી નં.૧ તરફે દાવા તથા મનાઇ અરજીનો આંક–૨૨ થી લેખીત જવાબ રજુ કરેલ છે જેમાં વાદીની હકીકતોને નકારેલ છે અને જણાવેલ છે કે, વાદીની દાવા તથા મનાઇ અરજીની નોન જોઇન્ડર ઓફ પાર્ટીસ તથા નેસેસરીઝ ઓફ પાર્ટીસનો બાધ નડતો હોવા છતાં ગૌહરઅલી અબ્બાસઅલી સૈયદ તા.૨૪/૦૪/૨૦૦૪ ના રોજ ગુજરી ગયેલ હોવા છતાં તેના વારસદારોને પક્ષકાર તરીકે જોડેલ ન હોય જેથી દાવો તથા મનાઇ અરજી રદ થવાને પાત્ર છે. વધુમાં પ્રતિવાદી નં.૧ તરફે રજુઆત કરવામાં આવી છે કે, વાદીની દાવા તથા મનાઇ અરજી સીવીલ કોડની કલમ–૦૯ મુજબનો ન હોઇ તેમજ વાદીએ તેમની દાવા અરજીના પેરા નં.૧ માં ભાગીદારી પેઢીનો ઉલ્લેખ કરેલો છે અને નિ.૩/૪ સોહાના સેન્ટર ભાગીદારી પેઢીની દસ્તાવેજની ઝેરોક્ષ નકલ રજુ કરી છે જેના શરત નં.૧૬ માં કોઇપણ તકરારની મુજબ વાદીનો દાવો આર્બીટિશન એકટ નીચે આવતો હોઇ વાદીનો સદર દાવો તથા મનાઇ અરજી ચલાવવાની હકુમત ન હોઇ જેથી પણ વાદીનો દાવો તથા મનાઇ અરજી રદ કરવા અરજ કરેલ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, વાદીની દાવા અરજીના પેરા નં.૧ માં જણાવેલ છે કે, વાદી તથા પ્રતિવાદી નં.૨ ના પિતા ગોહરઅલી નાઓએ સને–૧૯૯૩ માં ભાગીદારીમાં સોહાના સેન્ટર નામનો ભાગીદારી પેઢીની કોઇ હકીકત પ્રતિવાદી નં.૧ નાને ન હોઇ તે તમામ હકીકતોનો પ્રતિવાદી નં.૧ સ્પષ્ટપણે ઇનકાર કરેલ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, દાવા અરજીન પેરા નં.૨ માં જણાવેલ છે કે, વાદી તથા પ્રતિવાદી નં.૨ ભાગીદારીમાં ધંધો કરતા હોવાની તથા દુકાનનો તમામ વહીવટ વાદી કરતા હોવની અને જેથી દાવાવાળી દુકાનના ભાડુઆત હોવાની તમામ હકીકતો પ્રતિવાદી નં.૧ નાને કબુલ મંજુર ન હોઇ તે તમામ હકીકતો પ્રતિવાદી નં.૧ સ્પષ્ટપણે ઇનકાર કરેલ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, દાવા અરજીના પેરા નં.૪,૫ ૬ માં જણાવેલ હકીકતોનો ઇનકાર કરે છે અને દાવાવાળી દુકાન નગરપાલીકાના માલિકીપણામાં આવેલી છે અને વાદી ગેરકાયદેસર રીતે કબજેદાર હોઈ નગરપાલિકાની મિલકતો પચાવી પડવાના બદઈરાદાથી તેમના બદઈરાદામાં ફાવી જાય તેવા એકમાત્ર હેતુથી સદર દાવો તથા મનાઇ અરજી કરેલ હોઇ જેથી વાદીનો દાવો તથા મનાઇ અરજી રદ કરવા અરજ કરેલ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, વાદીએ તેમની દાવા અરજી તથા મનાઇ અરજી વ્યક્તિગત કેપેસીટીમાં દાખલ કરેલ છે જયારે દાવા અરજીના પેરા નં.૧ માં જણાવેલ છે કે, સને–૧૯૯૩ માં સોહાના સેન્ટરના નામથી ભાગીદારી પેઢીમાં ધંધો શરૂ કરેલ છે તેમ છતાં વ્યક્તિગત કેપેસીટીનો દાવો તથા મનાઇ અરજી દાખલ કરેલ હોઇ વાદીનો દાવો તથા મનાઇ અરજી કાયદેસર રીતે ટકી શકે તેમ નથી તેમજ સદર ભાગીદારી પેઢી ચાલુ છે કે બંધ તેનો પણ કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી તેમજ ભાગીદારી પેઢીની શરતો મુજબ કોઇ હિસાબો કે ચોપડા રજુ કરેલા નથી તેમજ ભાગીદારી પેઢી વચ્ચે થયેલ નફાની વહેંચણી કરેલ કે કેમ એટલે કે ભાગીદારી પેઢીના કરારની શરતો મુજબ ભાગીદારી પેઢી ચાલુ છે કે કેમ તે અંગેના કોઇપણ દસ્તાવેજી પુરાવા નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલા નથી તેમજ ભાગીદારી પેઢીના નિયમ મુજબ જયારે પેઢીનો કોઇપણ ભાગીદાર પેઢીના નિયમો મુજબ ભાગીદારી પેઢીનું વિસર્જન થઈ ગયેલુ હોઇ તેમ છતાં દાવાવાળી મિલકત પચાવી પાડવાના એકમાત્ર ઈરાદાથી સદર દાવો કરેલો હોય વાદીનો દાવો તથા મનાઇ અરજી કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોઇ રદ કરવા અરજ કરેલ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, સદર કામના વાદીએ દાવાવાળી મિલકતના કબજા અંગે પ્રતિવાદી નં.૨ વિરૂધ્ધ આપ નામદાર કોર્ટમાં રે.દિ.મુ.નં.૧૭/૨૦૦૯ થી દાવો કરી મનાઇ હુકમની માંગણી કરેલી. જેમા નામદાર કોર્ટ વાદીની આંક–૦૫ ની અરજી નામંજુર કરતો હુકમ તા.૦૪/૦૫/૨૦૧૦ ના રોજ કરેલો જેનાથી વાદી નારાજ થઈ ખેડા જીલ્લાના છઠ્ઠા એડી.ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં એમ.સી.એ.નં.૫૭/૨૦૧૦ થી અપીલ કરેલી. જેમાં નામદાર કોર્ટે વાદીની અપીલ રદ કરતો હુકમ તા.૦૭/૦૫/૨૦૧૩ ના રોજ કરેલો. જેનાથી નારાજ થઈ વાદીએ નામદર ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૧૩૪૫૧/૨૦૧૩ થી અરજી કરેલી. જે નામ હાઇકોર્ટ તા.૧૯/૦૯/૨૦૧૪ ના રોજ રદ કરેલી. ત્યારબાદ વાદીએ આપ નામદાર કોર્ટમાં રે.દિ.મુ.નં.૧૭/૨૦૦૯ વાળો દાવો,"દાવાવાળી દુકાનમાં પ્રતિવાદી તરફથિ કોઇપણ પ્રકારની વાદીને હાલ કનડગર નથી" તેમ જણાવી દાવો તા.૦૫/૧૦/૨૦૧૦ ના રોજ પરત ખેંચેલો અને સદર પુરસીસના આધારે નામદાર કોર્ટે તે અંગેનો હુક્મ કરેલો. આ તમામ હકીકત વાદી ઘણી સારી રીતે જાણતા હોવા છતાં સદર દાવો તથા મનાઈ અરજી દાખલ કરતી વખતે આ તમામ હકીકતો આપ નામદાર કોર્ટથી છુપાવીને આપ નામદાર કોર્ટમાં દાવો તથા મનાઇ અરજી કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોવા છતાં વાદીના ગેરકાયદેસનો કબજો ટકાવી રાખવા એકમાત્ર ઈરાદાથી સાચી માહિતી છુપાવીને દાવો તથા મનાઇ અરજી કરેલ હોઇ વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, દાવાવાળી મિલકત નગર પાલિકાની માલિકીની આવેલ છે. ગોહરઅલી અબ્બાસમીયા સૈયદ નાઓને ટાવરની જાળવણી તથા રીપેરીંગ સાથે નોમીનલ ભાડાથી ભાડે આપેલી પરંતુ તેઓની તબીયત નાજુક હોવાથી ધંધો કરી શકેલા નથી અને દાવાવાળી મિલકતનો કબજો ભોગવટો ગેરકાયદેસર રીતે વાદી ધરાવતા હોઇ અને પ્રતિવાદી નં.૧ નાને નગરપાલિકાની કાયદાની જોગવાઇઓ જોતા નગરાપાલિકાની માલિકીની મિલકતો

ગેરકાયદેસર રીતે કબજેદાર હોય તો તેઓની પાસેથી મળેલ સત્તાની રૂઇએ પ્રતિવાદી નં.૧ ને કબજો લેવાનો અધિકાર હોય દાવાવાળી મિલકત ગેરકાયદેસર રીતે વાદી કબજો ધરાવતા હોઇ પ્રતિવાદી નં.૧ નાએ તા.૨૭/૦૯/૨૦૧૮ ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરેલ જેની નકલ પ્રતિવાદી નં.૨ તથા વાદીને આપેલી.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, જો વાદીને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદી નં.૧ ની માલિકી હોવા છતાં અને નગરપાલિકાના ઉપયોગ માટે દાવાવાળી દુકાનનો વપરાશ કરવાનો હોઇ તેવ કાયદેસરના હકકથી વંચિત થઈ જાય તેમ છે અને જો વાદીને માંગ્યા મુજબનો મનાઇ હુકમ ન આપવામા આવે તો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ છે. વાદીની દાવા તથા મનાઈ અરજી રદ કરી પ્રતિવાદીને કોમ્પેનશેટરી કોસ્ટ રૂ.૨૫,૦૦૦/– ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) **પ્રતિવાદી નં.૧ તરફે દસ્તાવેજી પુરાવા –**

| **અ.નં** | **વિગત** | **નિશાની** |
|---|---|---|
| ૧ | વાદીના ઠાસરા કોર્ટમાં રે.દિ.મુ.નં.૧૭/૦૯ ની દાવા અરજીની પ્રમાણીત નકલ | ૩૧/૧ |
| ૨ | ઠાસરા કોર્ટનો રે.દિ.મુ.નં.૧૭/૦૯ નો દાવો વિડ્રો કરતા હુકમની પ્રમાણિત નકલ | ૩૧/૨ |
| ૩ | રે.દિ.મુ.નં.૧૭/૨૦૦૯ નો દાવો વિડ્રો કરવા અંગેની વાદીની વિડ્રો પુરસીસની પ્રમાણિત નકલ | ૩૧/૩ |
| ૪ | રે.દિ.મુ.નં.૧૭/૦૯ ના કામે આંક–૫ થી રજુ થયેલ કામચલાઉ મનાઈ અરજીની પ્રમાણિત નકલ અને તે લગતનો હુકમ | ૩૧/૪ |
| ૫ | ખેડા જીલ્લાના ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટના સી.એમ.એ. નં.૫૭/૧૦ ની અપીલ નીચે થયેલ હુકમની પ્રમાણીત નકલ | ૩૧/૫ |
| ૬ | વાદીના રે.દિ.મુ.નં.૧૭/૦૯ ના કામે ના.હાઇકોર્ટ માં સ્પે.સી.અ.નં.૧૩૪૫૧/૨૦૧૩ માં થયેલ હુકમની નકલ | ૩૧/૬ |

(૫) પ્રતિવાદી નં.૧ તરફે આંક–૨૩ થી સીવીલ પ્રોસીસજ કોડના ઓર્ડર–૩૯ રૂલ ૧, ૨ મુજબ કાઉન્ટર કામ ચલાઉમનાઇ અરજી રજુ કરી તેના પેરા નં.૪ માં નીચે જણાવ્યા મુજબની દાદ માંગેલ છે. (અ) મોજે ગામ–ઠાસરાના સીટી સર્વે નં.૧ જેનો ગ્રામ પંચાયત મિલકત નં.૨૬૪૮ વાળી વિગતનો કબજો પ્રતિવાદી નં.૧ લેવાની કાર્યવાહી કરીયે તેમાં વાદી કે તેમના માણસો, નોકરો, એજન્ટો ધ્વારા કોઇ હેલો, હરકત કે અંતરાય કરે–કરાવે નહી તેવો વાદીની વિરૂધ્ધ અને પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં કાઉન્ટર મનાઇ હુકમ અપાવવા અરજ ગુજારેલ છે. (બ) ના.અદાલતને બીજી અને વ્યાજબી લાગે તેવી હરકોઇ દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

પ્રતિવાદી નં.૧ એ તેઓની આંક–૨૩ થી અરજીમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ ના નગરપાલિકાની માલિકીની મિલકત આવેલી છે. સદર દાવાવાળી મિલકતનો ગેરકાયદેસર રીતે કબજો વાદીનો આવેલો છે. પ્રતિવાદી નં.૧ નાએ વાદીને નોટીસ આપી જાહેરનામું પ્રસિધ્ધ કરી દાવાવાળી મિલકતનો કબજો પ્રતિવાદી નં.૧ નાને સોંપી દેવા જણાવતા વાદીએ તેમના ફળદ્રુપ ભેજામાંથી ખોટી હકીકતો ઉપજાવી કાઢી દાવો તથા મનાઇ અરજી કરેલ છે. પ્રતિવાદી નં.૧ નગરપાલિકાની મિલકતો અવેલી છે અને તેનો ગેરકાયદેસર રીતે કબજો ધરાવતા હોય તો તે કબજો પરત લેવાની નગરપાલિકાની જોગવાઇઓ મુજબ ફરજ હોઇ તેમજ કાયદેસર હકક અને અધિકાર હોઇ ગામના વિકાસ અર્થે કાર્યવાહી કરતા અટકાવવાનો વાદીને કોઇ હકક કે અધિકાર નથી. તેમ છતાં વાદી તેમનો ગેરકાયદેસરનો કબજો પ્રતિવાદી નં.૧ નાને સોંપતા ન હોઇ પ્રતિવાદી નં.૧ દાવાવાળી મિલકતનો કબજો વાદી પાસેથી પરત લેવાની કાર્યવાહી કરતા અટકાવવાનો વાદીને કોઇ હકક કે અધિકાર નથી. જેથી સદર કાર્યવાહી દરમ્યાન વાંધો હેલો કે હરકત કરતા રોકે રોકાવે નહી તેવો વાદી વિરૂધ્ધ મનાઇ હુક્મ મેળવવા અરજ કરેલ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, વાદીને દાવાવાળી મિલકતનો ગેરકાયદેસરનો કબજો પડાવી લેવાનું એકમાત્ર બદઈરાદો ધરાવતા હોય અને જો તેમ કરવામાં તેઓ ફાવી જાય તો પ્રતિવાદી નં.૧ નાને ખોટા પ્રોસીડીંગમાં ઉતરવુ પડે તેમ છે તેમજ પ્રતિવાદી નં.૧ ના કાયદેસરના હકકોને પણ ગંભીર નુકશાન થાય તેમ છે જેથી પણ પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં કાઉન્ટર મનાઇ હુકમ આપવા અરજ કરેલ છે.

(૬) વાદી તરફે પ્રતિવાદી નં.૧ ની આંક–૨૩ ની કાઉન્ટર કામચલાઉ મનાઈ અરજી વિરૂધ્ધ આંક–૨૮ થી લેખિત જવાબ આપેલ છે અને જેમાં વાદીએ મુખ્યત્વે પોતાની દાવા અરજીની હકીકતો મુજબની રજુઆત કરેલ છે જે આંક–૨૮ નો લેખિત જવાબ વંચાણે લીધો.

(૭) પ્રતિવાદી નં.૨ તરફે વાદીની દાવા અરજી વિરૂધ્ધ કોઇ જવાબ રજુ કરેલ નથી. અત્રેની અદાલતે આંક–૧ લગત હુકમ કરી પ્રતિવાદી નં.૨ તરફેનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરેલ છે. પ્રતિવાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**પ્રતિવાદી નં.૨ તરફે દસ્તાવેજી પુરાવા:–**

| અ.નં | વિગત | નિશાની |
|---|---|---|
| ૧ | વાદીના ઠાસરા કોર્ટમાં રે.દિ.મુ.નં.૧૭/૦૯ ની દાવા અરજીની પ્રમાણીત નકલ | ૨૬/૧ |
| ૨ | વાદીના ઠાસરા કોર્ટના રે.દિ.મું.નં.૧૭/૦૯ ના આંક–૫ તથા તે નીચે થયેલ હુકમની પ્રમાણીત નકલ | ૨૬/૨ |
| ૩ | વાદીના રે.દિ.મુ.નં.૧૭/૦૯ ના આંક–૨૬ ની પુરસીસની પ્રમાણીત નકલ | ૨૬/૩ |
| ૪ | સીવીલ પરચુરણ અરજી નં.૫૭/૧૦ ની રીટની બજવણી કરવામાં આવેલી તેની નકલ | ૨૬/૪ |

(૮) ઉપરોકત તમામ હકીકતો જોતા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

(૧) શું વાદી તેઓનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે?

(ર) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે?

(૩) શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે?

(૪) શું પ્રતિવાદી નં.૧ તેઓનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે?

(પ) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં છે?

(૬) શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો પ્રતિવાદી નં.૧ ને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે?

(૭) શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ કરવામાં આવે છે.

**:: નિર્ણય ::**

મુદ્દા નં.૧. નકારમાં ,

મુદ્દા નં.ર. નકારમાં,

મુદ્દા નં.૩. નકારમાં,

મુદ્દા નં.૪. હકારમાં,

મુદ્દા નં.પ. હકારમાં,

મુદ્દા નં.૬. હકારમાં,

મુદ્દા નં.૭. આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

(૧૦) ઉપરોકત મુદ્દા નં.૧ અને ૪ એકબીજા સાથે સંકળાયેલા હોય જેથી હકીકતો અને પુરાવાઓનું પુનરાવર્તન ટાળવા બધા મુદાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

વાદીની દાવા અરજી અને આંક–૫ ની કામચલાઉ મનાઇ અરજી વંચાણે લેતા વાદી દાવાવાળી મિલકતના ભાડુઆત હોવાનું જણાવી ભાડુઆતના હકકે હાલનો દાવો કરેલ છે. વાદી તરફે નિ.૩/૦૨ થી દાવાવાળી મિલકત નં.૨૬૪૭ ની ઠાસરા નગર પાલિકાની વર્ષ ૨૦૧૭–૧૮ ની આકારણી પત્રકની ખરી નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા તેમાં માલિક તરીકે પટેલ તળસીભાઇ જોરાભાઇ (ટાવર) ઠાસરા નગર સેવા સદન અને કબજેદાર તરીકે પ્રતિવાદી નં.૨ ના પિતા સૈયદ ગોહરઅલી અબ્બાસઅલીનું નામ દર્શાવેલ છે.

વાદી તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, દાવાવાળી દુકાનમાં વાદી તથા પ્રતિવાદી નં.૨ ના ગુજરનાર પિતા ગોહરઅલી અબ્બાસમીયા ભાગીદારીમાં ૧૯૯૩ થી સુહાના સેન્ટરના નામથી કટલરી વેચવાનો ધંધો કરતાં હતા અને તે ભાગીદારીમાં વાદી તથા પ્રતિવાદી નં.૨ ભાગીદાર છે અને તે ભાગીદારી પેઢી રજીસ્ટર થયેલી છે. આ કામે વાદી તરફે તેઓની રજુઆતના સમર્થનમાં નિ.૩/૩ થી નોંધાયેલ ભાગીદારીના દસ્તાવેજની નકલ રજુ કરેલ છે. જેમાં ભાગીદાર તરીકે પ્રતિવાદી નં.૨ તેમજ તેઓના ગુજરનાર પિતા ગોહરઅલી તેમજ હાલના દાવાના વાદી એમ કુલ ત્રણ ભાગીદારો દર્શાવેલ છે. જે ભાગીદારીના દસ્તાવેજમાં જણાવ્યા મુજબ ઠાસરા મધ્યે આવેલ મુખ્ય ટાવર નીચેની દુકાન મિલકત નં.૮૬૭ જેનો સીટી. સર્વે નં.૧ વાળી મિલ્કત શ્રી સૈયદ ગોહરઅલી અબ્બાસમીયાના ભાડુઆત હકકવાળી આવેલી છે અને તે મિલકતમાં સોહાના સેન્ટરના નામથી ભાગીદારી પેઢી જાહેર કરી ઉપર જણાવેલ ત્રણેય ભાગીદારોનો દસ્તાવેજ કરેલ હોવાનું જણાવેલ છે. વાદી તરફે નિ.૩/૧ થી સીટી સર્વે નં.૧ ના મિલકત કાર્ડની નકલ રજુ કરેલ છે. જેમાં ધારણ કરનાર તરીકે શ્રી ગ્રામ પંચાયત ઠાસરા (ટાવર) અને સત્તા પ્રકારમાં બિન નફાકારક હેતુઓ માટે મ્યુનિસીપાલિટી/નગરપાલિકા/નગરપંચાયત કે પંચાયતે ધારણ કરેલી જમીનો દર્શાવેલ છે. આ કામે નિ.૩/૪ થી જે ભાગીદારીના દસ્તાવેજની નકલ રજુ કરવામાં આવેલ છે તેમાં ઠાસરા નગરપાલિકા ઠાસરાને ભાગીદાર તરીકે દર્શાવેલ નથી. આ કામે વાદી પોતે દાવાવાળી દુકાનના ભાડુઆત હોય તે દર્શાવતો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. દાવાવાળી દુકાન પ્રતિવાદી નં.૧ ઠાસરા નગરપાલિકાએ વાદીને ભાડુઆત હકકે ભાડેથી આપેલ હોય તેઓ વાદીનો કેસ નથી કે તે દર્શાવતો કોઇ પુરાવો વાદીએ રજુ કરેલ નથી. આમ, પ્રતિવાદી નં.૧ દાવાવાળી દુકાન વાદીને ભાડે આપેલ હોવાનું વાદી પ્રથમ દર્શનીય રીતે પુરવાર કરી શકેલ નથી અને જેથી દાવાવાળી મિલકતનો વાદી કાયદેસર કબજો ધરાવતા નથી અને તેઓનો કબજો

પ્રથમ દર્શનીય રીતે ગેરકાયદેસર હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. જયારે વાદી તરફે નિ.૩/૧ અને ૩/૨ થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા અને વાદીની દાવા અરજી વંચાણે લેતા પ્રતિવાદી નં.૧ દાવાવાળી દુકાનના માલિક હોવાનું પ્રતિવાદી નં.૧ તરફે પ્રથમ દર્શનીય રીતે પુરવાર કરેલ છે.

(૧૧) પ્રતિવાદી નં.૧ નાએ દાવાવાળી દુકાન વાદીને ભાડે આપેલ હોય તેવો વાદીનો કેસ નથી. પ્રતિવાદી નં.૨ ના પિતા ગોહરઅલી સૈયદનું નામ નિ.૩/૨ ના આકારણી પત્રકમાં કબજેદાર તરીકે દર્શાવેલ છે. પ્રતિવાદી નં.૨ ના ગુજરનાર પિતાને દાવાવાળી દુકાન પેટા ભાડે આપવાની સત્તા આપેલ હોય તે દર્શાવતો કોઇ પ્રથમ દર્શનીય આધાર વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી. પ્રતિવાદી નં.૧ નાએ દાવાવાળી દુકાનમાં ગુજરનાર ગોહરઅલી સૈયદનાઓને ભાગીદારીમાં ધંધો કરવા ભાડે આપેલ હોય તેવો વાદીનો કેસ નથી કે તે દર્શાવતો કોઇ પ્રથમ દર્શનીય આધાર વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી. આમ, જે ભાગીદારીનો દસ્તાવેજ થયેલ છે અને જેને આધારે હાલનો દાવો કરવામાં આવેલ છે તે ભાગીદારી દસ્તાવેજમાં પ્રતિવાદી નં.૧ ભાગીદાર નથી. પ્રતિવાદી નં.૧ તરફે કે ગ્રામ પંચાયત ઠાસરાએ દાવાવાળી દુકાનમાં ગોહરઅલી સૈયદનાઓને ભાગીદારીમાં ધંધો કરવા ભાડે આપેલ હોય તે દર્શાવતો કોઇ પ્રથમ દર્શનીય આધાર વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી અને તેવો વાદીનો કેસ નથી. પ્રતિવાદી નં.૨ ના પિતા ગોહરઅલી સૈયદનાઓ ગુજરી ગયેલ છે અને જે હકીકત બિન તકરારી છે. આમ, ઉપરોકત વિગતે ચર્ચા કર્યા મુજબ વાદી દાવાવાળી દુકાનના ભાડુઆત હોવાનું તેમજ પ્રતિવાદી નં.૧ ના ભાડુઆત હોવાનું પ્રથમ દર્શનીય રીતે સાબીત કરેલ નથી. દાવાવાળી દુકાનનો કબજો વાદીનો હોવા માત્રથી તેઓ દાવાવાળી દુકાનના કાયદેસર ભાડુઆત બની જતા નથી. પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદી દાવાવાળી દુકાનના ભાડુઆત હોવાનું પ્રથમ દર્શનીય રીતે પુરવાર કરેલ ન હોય જેથી વાદીનો દાવાવાળી દુકાનનો કબજો ગેરકાયદેસર હોવાનું પ્રતિવાદી નં.૧ તરફે પ્રથમ દર્શનીય રીતે પુરવાર કરેલ છે.

(૧૨) વધુમાં કામચલાઉ મનાઇની દાદ એ સમન્યાયી દાદ (ઇક્વીટેબલ રીલીફ) છે. જેથી તેવી સમન્યાયી દાદની માંગણી કરનાર પક્ષકારે નામદાર અદાલતમાં ચોખ્ખા હાથે આવવુ જોઇએ અને દરેક જાણકારીમાં હોય તેવી સત્ય હકીકત જાહેર કરવી જોઇએ અને તે હકીકત છુપાવવી જોઇએ નહી. હાલના કેસમાં પ્રતિવાદી તરફે નિ.૩૧/૧ થી ૩૧/૬ સુધીના જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે તમામ હકીકતથી વાદી માહિતગાર હોવા છતાં તે રીલેવન્ટ હકીકતો વાદી તરફે તેઓની દાવા અરજી તથા આંક–૫ ની અરજીમાં જાહેર કરેલ નથી. વાદીએ હાલના દાવા પહેલા વર્ષ

૨૦૦૯ માં ગુજરનાર ગોહરઅલી સૈયદ વિરૂધ્ધ રે.મુ.નં.૧૭/૦૯ થી દાવાવાળી દુકાન સંબંધે દાવો કરેલ હોવાની હકીકત અને તે દાવો પરત ખેંચેલ હોવાની હકીકત અત્રેની અદાલતથી છુપાવે છે. ઉપરોકત દાવામાં પ્રતિવાદી ગોહરઅલી સૈયદનાઓ કાયદો હાથમાં લઈ ભાગીદારી છુટી કર્યા વગર કે કાનુની પ્રક્રીયા કર્યા વગર દાવાવાળી દુકાનનો કબજો જાતે કે ઈજન્ટો ધ્વારા ખૂંચવી લેવાનો અધિકાર નથી તેમ ઠરાવવા દાદ માંગેલ તેમજ કાયમી મનાઇ હુકમની દાદ માંગેલ હતી. ઉપરોકત દાવાની કોઇ હકીકત અને તેમાં કામચલાઉ મનાઇ અરજી ઉપર થયેલ કોઇ હુકમની વિગત વાદીએ દાવા અરજી કે કામચલાઉ મનાઇ અરજીમાં જાહેર કરેલ નથી અને જે રીલેવન્ટ હકીકતો નહી જાહેર કરી તે હકીકતો છુપાવેલ હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે અને તે રીતે વાદી ચોખ્ખા હાથે અત્રેની અદાલત સમક્ષ આવેલ નથી.

(૧૩) પ્રતિવાદી નં.૧ નાએ તેઓની આંક–૨૩ ની કાઉન્ટર કામચલાઉ મનાઇ અરજીમાં જે હકીકત જણાવી છે તે હકીકતને વાદીએ નિ.૩/૧૧ થી રજુ કરેલ જાહેરનામાની નકલથી સમર્થન પ્રાપ્ત થયેલ છે. જે નિ.૩/૧૧ તેમજ નિ.૩/૭ ની નોટીસ તેમજ નિ.૩/૬ થી રજુ ઠાસરા નગરપાલિકાની સામાન્ય પહોંચની નકલ વંચાણે લેતા દાવાવાળી દુકાન વાદીને ભાડુઆત હકકે આપેલ હોવાની સાબીત થતુ નથી અને જે વંચાણે લેતા દાવાવાળી દુકાન પ્રતિવાદી નં.૧ ગોહરઅલી સૈયદનાઓને આપેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવે છે. જેથી દાવાવાળી દુકાનનો વાદીનો કબજો ગેરકાયદેસર હોવાનું પ્રતિવાદી નં.૧ તરફે પ્રથમ દર્શનીય પુરવાર કરેલ છે. જયારે દાવાવાળી દુકાન ભાડુઆત હકકે વાદીના કબજામાં હોય તે હકીકત વાદી પ્રથમ દર્શનીય રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી ઉપરોકત વિગતે ચર્ચા કર્યા મુજબ વાદીએ તેઓનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરેલ નથી, જેથી મુદ્દા નં.૧ નિર્ણય નકારમાં આપવામાં આવે છે. જયારે પ્રતિવાદી નં.૧ નાએ તેઓના પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરેલ છે, જેથી મુદ્દા નં.૪ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૪) ઉપરોકત મુદ્દા નં. ૨, ૩, ૫ અને ૬ એકબીજા સાથે સંકળાયેલા હોય જેથી હકીકતો અને પુરાવાઓનું પુનરાવર્તન ટાળવા ઉપરોકત બધા મુદાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોસના મુદ્દા સંબંધે જોવામાં આવે તો ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદી દાવાવાળી દુકાનનો કાયદેસર કબજો ધરાવતા નથી તેમજ તેઓ દાવાવાળી દુકાનના કાયદેસર ભાડુઆત હોવાનું પ્રથમ દર્શનીય રીતે પુરવાર કરેલ નથી. જયારે બીજી તરફ પ્રતિવાદી નં.૧ દાવાવાળી દુકાનના કાયદેસર માલિક અને ધારણ કર્તા હોવાનું પ્રથમ દર્શનીય રીતે પુરવાર કરેલ છે અને તેઓનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું પણ પુરવાર કરેલ હોય

ત્યારે સગવડતા અગવડતાની સમતુલાનું પાસુ પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં જણાઇ આવે છે કારણ કે જો પ્રતિવાદી નં.૧ ની કામચલાઉ મનાઇ અરજી નામંજુર કરવામાં આવે અને વાદીની કામચલાઉ મનાઇ અરજી મંજુર કરવામાં આવે તો વાદીનો દાવાવાળી દુકાનનો કબજો ટ્રેસપાસર તરીકે ગેરકાયદેસર હોવા છતાં પણ માલિક તરીકે પ્રતિવાદી નં.૧ તેઓની દાવાવાળી દુકાનનો કબજો મેળવી શકતા નથી તેમજ પ્રતિવાદી નં.૧ ના તે દાવાવાળી દુકાનનો કબજો ભોગવટો કરવા ભાડુઆત હકકે અન્ય કોઇ વ્યક્તિને આપી તેમાંથી આર્થીક ઉપજ મેળવી શકે તેમ નથી અને પ્રતિવાદી નં.૧ દાવાવાળી દુકાન સંબંધેના તેઓના તમામ કાયદેસર હકકોથી વંચીત થઈ જાય તેમ છે. જયારે જો વાદીની કામચલાઉ મનાઇ અરજી મંજુર કરવામાં આવે તો પ્રતિવાદી નં.૧ દાવાવાળી દુકાન સંબંધેના તેઓના તમામ કાયદેસર હકકોથી વંચીત તો થઈ જ જાય અને તે સાથે પ્રતિવાદી નં.૧ ને તેને કારણે નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન જાય તેમ છે. બીજી તરફ વાદીનો કબજો ગેરકાયદેસર હોય જેથી તેઓએ કોઇ નુકશાન જાય તેમ નથી અને તેઓ દાવાવાળી મિલકત સંબંધેના તેમના કોઇ કાયદેસરના હકકોથી વંચીત થતાં નથી. જેથી વાદીને કોઇ ઈરીપેરેબલ લોસ નથી. જયારે ઉપરોકત જણાવ્યા મુજબ પ્રતિવાદી નં.૧ ને ઈરીપેરેબેલ લોસ છે. તે જ રીતે સગવડતા અગવડતા સમતુલાનું પાસુ ઉપરોકત કારણોસર પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં છે અને વાદીની તરફેણમાં નથી. જેથી ઉપરોકત વિગતે ચર્ચા કર્યા મુજબ વાદીની કામચલાઉ મનાઇ અરજી મંજુર કરવી ઉચીત જણાતુ નથી. જયારે પ્રતિવાદી નં.૧ ની આંક–૨૩ થી રજુ કામચલાઉ મનાઇ અરજી મંજુર કરવી ઉચીત જણાય છે.

(૧૫) વધુમાં હાલનો દાવો વાદીએ તેઓની વ્યક્તિગત હેસીયતથી કરેલ છે. તેઓએ હાલનો દાવો ભાગીદારી પેઢીના ભાગીદારની હેસીયતથી કરેલ નથી તેમ દાવા અરજી વંચાણે લેતા સ્પષ્ટપણે જણાઇ આવે છે કારણ કે, વાદીએ હાલનો દાવો સોહાના સેન્ટર ભાગીદારી પેઢીના ભાગીદારની હેસીયતથી કરેલ નથી અને વ્યક્તિગત હેસીયતથી કરેલ છે. જયારે વાદીની દાવા અરજી અને કામચલાઉ મનાઇ અરજી વંચાણે લેતા તેઓએ ભાગીદારીના દસ્તાવેજ ઉપર આધાર રાખી અને તે "સોહાના સેન્ટર ભાગીદારી પેઢીના" ભાગીદારની હેસીયતથી ભાડુઆત હકકે હાલનો દાવો અને આંક–૫ ની અરજી કરેલ છે. વાદીનું પ્લીડીંગ્ઝ વંચાણે લેતા હાલના દાવાના કામે સોહાના સેન્ટર ભાગીદારી પેઢી જરૂરી પક્ષકાર હોવા છતાં વાદી તરફે તે સોહાના સેન્ટર ભાગીદાર પેઢીને વાદી તરીકે જોડેલ નથી તેમજ પોતે હાલનો દાવો સોહાના સેન્ટર ભાગીદારીના પેઢીના ભાગીદાર તરીકે કરેલ નથી. જેથી સ્પષ્ટ રીતે વાદીના દાવાને જરૂરી પક્ષકારની ખામીનો બાધ નડે છે અને જયારે

જરૂરી પક્ષકારની ખામીના બાધના કારણે વાદીનો દાવો ચાલવા પાત્ર ન હોય ત્યારે અને તેવા સંજોગોમાં વાદીની હાલની કામચલાઉ મનાઇ અરજી મંજુર થવા પાત્ર નથી.

નિ.૩/૧ થી રજુ ઠાસરા સીટી સર્વે નં.૧ ની પ્રોપર્ટી કાર્ડની ખરી નકલ અને નિ.૩/૨ થી રજુ મિલ્કત નં.૨૬૪૭ ની ઠાસરા નગરપાલિકાની આકારણી યાદીની ખરી નકલ વંચાણે લેતા સદર દાવાવાળી તકરારી મિલ્કત ઠાસરા નગર સેવા સદનની માલિકીની હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. વાદીએ હાલનો દાવો દાવાવાળી દુકાનના ભાડૂઆતની હેસિયતથી કરેલ છે. વાદીએ હાલની કામચલાઉ મનાઈ અરજીમાં દાવાનો આખરી નિકાલ થતાં સુધી પ્રતિવાદી નં.૧ જાતે અગર તેમના એજન્ટો, નોકરો કે માણસો મારફતે દાવાવાળી મિલકતનો કબજો કાયદાની પ્રક્રીઈયા કર્યા સિવાય બળજબરાઇ થી અને ગેરકાયદેસર રીતે લે લેવડાવે નહીં તેવો કામ ચલાઉ મનાઇ હુકમ પ્રતિવાદી નં.૧ સામે ફરમાવવા અરજ કરેલ છે તેમજ પ્રતિવાદી નં.૨ પ્રતિવાદિ નં.૧ સાથે મળી જઈને દાવાવાળી મિલકતનો કબજો પ્રતિવાદી નં.૧ ને સોંપે નહીં તેવો કામચલાઉ મનાઇ હુકમ પ્રતિવાદી નં.૨ સામે ફરમાવવા અરજ કરેલ છે. હવે કાયદાકીય પ્રસ્થાપિત સ્થિતિ જોવામાં આવે તો નામ. સુપ્રીમ કોર્ટે **Sopan Sukhdeo Sable and Ors. Vs. Assistant Charity Commissioner and Ors., AIR 2004 SC 1401** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, "It is settled law that no injunction could be granted against the owner at the instance of a person in unlawful possession."

આમ, ઉપરોકત પેરાઓમાં ચર્ચા કર્યા મુજબ દાવાવાળી દુકાનનો વાદીનો કબજો ગેરકાયદેસર હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાય આવતુ હોય જેથી ઉપરોકત નામ. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ કાયદાકીય સ્થિતિને ધ્યાને લેતા પ્રતિવાદી નં.૧ દાવાવાળી દુકાનના માલિક હોય અને વાદીનો કબજો ગેરકાયદેસર હોય જેથી પ્રતિવાદી નં.૧ માલિક વિરુધ્ધ વાદી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા હકકદાર થતા નથી, જેથી પણ વાદીની આંક–૫ ની અરજી નામંજુર કરવી ઉચીત જણાય છે, જયારે પ્રતિવાદી નં.૧ તરફે રજુ કાઉન્ટર કામચલાઉ મનાઇ અરજી મંજુર કરવી ઉચીત જણાય છે. જેથી મુદ્દા નં. ૨ અને ૩ નો નિર્ણય નકારમાં આપવામાં આવે

છે, જયારે મુદ્દા નં.૫ અને ૬ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૭ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

૧. વાદી તરફે રજુ આંક–૫ ની કામચલાઉ મનાઇ અરજી **નામંજુર** કરવામાં આવે છે.

૨. પ્રતિવાદી નં.૧ તરફે રજુ આંક–૨૩ ની કામચલાઉ મનાઇ અરજી **મંજુર** કરવામાં આવે છે.

૩. આથી હુકમ કરવામાં આવે છે કે, સદર દાવાના આખરી નિકાલ સુધી દાવાવાળી મિલકતનો કબજો લેવા પ્રતિવાદી નં.૧ જે કોઇ કાયદેસર કાર્યવાહી કરે તેમાં વાદીએ કે તેમના માણસો, નોકરો, એજન્ટો ધ્વારા કોઇ હેલો, હરકત કે અંતરાય કરવો કરાવવો નહી તેવો પ્રતિવાદીની તરફેણમાં અને વાદીની વિરૂધ્ધમાં કામચલાઉ મનાઇ હુકમ ફરમાવવામાં આવે છે.

૪. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૦૨ જી, માહે–ડિસેમ્બર, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.ઠાસરા
તા.૦૨/૧૨/૨૦૨૪

(જીનલ વિનયકુમાર શાહ)
મુખ્ય સીવીલ જજ, ઠાસરા
કોડ નં. જી.જે.૦૧૨૭૪